ક્રમાંકઃમુઈ(મા.મ.)/કાર્યાલય/૮૧/૨૦૨૦

ગુજરાત સરકાર,
માર્ગ અને મકાન વિભાગ,
૧૪/૨ , સરદાર ભવન,
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૫/૦૯/૨૦

પ્રતિ,
અધિક્ષક ઈજનેરશ્રી સર્વે રાજ્ય વર્તુળ
કાર્યપાલક ઈજનેરશ્રી સર્વે રાજ્ય વિભાગ

વિષયઃ– ગુજરાત હાઈકોર્ટ દ્વારા શરૂ થયેલ Email My Case Status સેવા અન્વયે કરવાની કામગીરી બાબત

સંદર્ભઃ– (૧) કાયદા વિભાગનો તા.૧૭/૦૮/૨૦નો પત્ર ક્રમાંકઃએચસીટી/૧૦૨૦૨૦/૦૧/આઈટી સેલ
(૨) ગુજરાત હાઈકોર્ટનો પરિપત્ર તા.૧૫/૦૮/૨૦

ઉપર્યુકત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનું કે ગુજરાત હાઈકોર્ટ દ્વારા Email My Case Status સેવા શરૂ કરવામાં આવેલ છે. સદર્ભ–૨ હેઠળના પરિપત્રમાં આ સેવા મેળવવાની પધ્ધતિની સમજ આપવામાં આવેલ છે. જે અન્વયે દરેક અ.ઈ.શ્રી તથા કા.ઈ.શ્રીએ પોતાના વર્તુળ / વિભાગને અનુરૂપ ઈ–મેઈલ એકાઉન્ટ બનાવી તેઓના હસ્તકના કોર્ટ કેસો અપલોડ કરી તેના સ્ટેટસથી અપડેટ રહેવા જણાવવામાં આવે છે. નામદાર કોર્ટમાં થયેલ કાર્યવાહી કે હુકમો બાબતે સરકારશ્રી કક્ષાએ કોઈ દરખાસ્ત રજુ થયેલ હોય કે રજુ કરવાની થતી હોય તો ઈ–મેઈલ આઈડી cernbcourtcasestatus@gmail.com પર અ.ઈ.શ્રી દ્વારા મોકલાઈ જાય તેની ખાત્રી કરવાની રહેશે તેમજ આ ઈ–મેઈલની નકલ પણ કાયદા અધિકારીશ્રીના ઈ–મેઈલ આઈડી ka.patelkishan1992@gmail.com પર બિનચુક મોકલવાની રહેશે.

કાયદા અધિકારી દ્વારા આ અંગે અઠવાડીક માહિતી અત્રે પુરી પાડવાની રહેશે અને જરૂર જણાય તો નીચે સહી કરનારને રૂબરૂ ચર્ચા કરી માહિતગાર કરવાના રહેશે. સચિવશ્રી દ્વારા આ બાબતનું મોનીટરીંગ થનાર હોઈ સદર બાબતને ટોચ અગ્રતા આપવા સુચના છે.

બિડાણઃ ઉપરમુજબ

(એન.કે.પટેલ)
મુ.ઈ.(મા.મ.) અને અધિક સચિવ
માર્ગ અને મકાન વિભાગ

નકલ રવાનાઃ
કાયદા અધિકારીશ્રી, મા.મ. વિભાગ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ

HCT/102020/01/IT.CELL

Legal Department
4/2, Sardar Bhavan,
New Sachivalaya,
Gandhinagar
17th August, 2020

To -

1. P.S. to Hon'ble Chief Secretary
   Government of Gujarat

2. All ACS/PS/Secretary
   All Departments

3. Director of Prosecution
   Gandhinagar.

4. All Collectors

**Sub:** "EmailMyCaseStatus" service by Hon'ble High Court of Gujarat

Sir,

In view of present scenario of Covid-19 pandemic and challenges being faced in the physical access of the learned Advocates and litigants to the Court campus, the Hon'ble High Court has developed the above facility/service named as "EmailMyCaseStatus" and has also issued guidelines for the use of service by Government department and all concerned parties.

Copy of the said circular along with the details of functioning of this service and the method are enclosed herewith for further necessary action and with request to circulate to all concerned offices/authorities working under your administrative department/authority.

Encl.: As above

**(J.L. Vala)**
Dy. Secretary (I.T)
Legal Deptt.,

**Copy to :-**All Officers/Branches of the Legal Department. for further necessary action

# HIGH COURT OF GUJARAT

## CIRCULAR

Date: 15-08-2020

### *EmailMyCaseStatus* Service by High Court of Gujarat

In view of the present scenario of Covid-19 pandemic and the challenges being faced in the physical access of the Learned Advocates and Litigants to the Court campus, Honourable the Chief Justice of High Court of Gujarat, Mr. Justice Vikram Nath issued directions and guidance to evolve a facility whereby the learned advocates and the litigants or anyone from the public or organizations like Government Departments etc. can get the status of the High Court cases automatically in the email address of their choice, after necessary online registration of their request. The facility is supposed to have also the feature that once a request for the status of a case is registered for an email address, all future updates in the particular case would be sent automatically to that email address.

To further the cause of Access to Justice and ease of getting Court case information, this facility has been developed and is named as ***"EmailMyCaseStatus"*** which may be the first of its kind in the country whereby anyone, who otherwise is always able to search the status of the case on the website, would now also be able to get the automatic updates of the case in his/her email box directly. Only requisite details for this services to be availed would be a mobile number and an email address.

**EmailMyCaseStatus Service by High Court of Gujarat** will effectively serve as **a virtual Case Status Inquiry Counter** or **a Case Status eCounter**; with added functionality of getting even the future updates of the cases of interest to everyone and anyone. In due course of time, as desired by Honourable the Chief Justice, this type of service will also be developed for cases of District Judiciary.

The details of the functioning of this service and the method to avail the same are as given overleaf.

Sd/-
REGISTRAR GENERAL

(3)

## ***EmailMyCaseStatus*** **Service by High Court of Gujarat**

1. Anyone interested to know and follow the updates in any case pending in the High Court of Gujarat with the "***EmailMyCaseStatus***" service; would be first required to have a mobile number, a working email address and the **CNR Number** of the cases.
2. The CNR Number of case is a 16 digit unique identification number of the case which may be like **GJHC240193932020.** CNR Number of all the cases is available on the website of the High Court.
3. First step to start availing the "***EmailMyCaseStatus***" service is to get oneself registered with server of High Court of Gujarat by sending an SMS to Mobile Number **9998880820** as **REG <space> <EmailAddress> e.g. REG abcdadv@xyz.com**
4. A One Time Password (OTP) will be sent to the above email address. This OTP will be sent to the aforesaid Mobile Number **9998880820** from the same mobile number from which the above Registration SMS was sent, in an SMS as: **OTP <space> <OTP> e.g. OTP 123456**
5. A confirmation message will be sent to the email address as well as the mobile number about successful registration of the email address for the facility of EmailMyCaseStatus.
6. The registration of the email address to avail this facility is a one time process and will not have to be done again and again. The person having so registered, can now start adding the cases for which the regular case updates are intended to be received in the email.
7. To add a case in the "***EmailMyCaseStatus***" service, an SMS is to be sent from the registered mobile number as: **ADD <space> <CNR Number> e.g. ADD GJHC240193932020**
8. Likewise, when email updates of case already added are not required anymore, an SMS is to be sent from the registered mobile number as: **DEL <space> <CNR Number> e.g. DEL GJHC240193932020**
9. A confirmation will be sent on the email address on successful registration of the CNR Number in the service.
10. Total of 99 cases can be added for the mobile number and the email address registered for this service. The status of case, whenever updated on occurrences like listing, order/judgment uploading, disposal etc. will be intimated along with PDF copy of the order judgement by next next working day of such updation.

ગુજરાત હાઈકોર્ટ

**પરિપત્ર**

તા. ૧૫-૦૮-૨૦૨૦

**ગુજરાત હાઈકોર્ટ દ્વારા *EmailMyCaseStatus* ઈ-સેવાનો આરંભ**

કોરોના વાયરસ (કોવિડ-૧૯) ના કારણે ઉપસ્થિત થયેલ પરિસ્થિતિના પરિણામે હાઈકોર્ટ પરિસરમાં વિ. વકીલશ્રીઓ, પક્ષકારો તેમજ જાહેર જનતાના પ્રવેશમાં આવેલ અડચણોના કારણે હાઈકોર્ટના ઈન્કવાયરી કાઉન્ટરની સેવાઓ તેઓ મેળવી શકતા ન હોઇ, ગુજરાત હઇાકોર્ટના નામદાર મુખ્ય ન્યાયાધીશ ન્યાયમુર્તિશ્રી વિક્રમ નાથ સાહેબ નાઓએ કોઈ પણ વ્યક્તિ કોઈ પણ કેસની માહિતી ઈમેઈલ દ્વારા મેળવી શકે તેવી સેવા વિકસિત કરવા આદેશ કરેલ. નામદાર મુખ્ય ન્યાયાધીશશ્રી સાહેબ તેમજ હાઈકોર્ટના માનનીય ન્યાયાધીશ્રીઓની આઈસીટી એન્ડ ઈગવર્નન્સ કમિટીના વિશેષ માર્ગદર્શન અનુસાર વિ. વકીલશ્રીઓ, કેસના પક્ષકારો, સરકારી વિભાગો, પત્રકારો તેમજ જાહેર જનતા પોતે જે ઈમેઈલ એડ્રેસ પર કેસોની માહિતી મેળવવા ઈચ્છે, તે એક સરળ એસએમએસ દ્વારા નોંધાવે તે ઈ-મેલ એડ્રેસ ઉપર, કેસ સ્ટેટસ, આવતી તારીખો, જો ફેંસલ થાય તો તે તારીખ અને જે હુકમ કે ચુકાદા કરવામાં આવે તેની પીડીએફ (PDF) નકલ સાથે નિયમિત ઈમેઈલ દ્વારા મોકલવામાં આવે, તેમ નિર્દિષ્ટ કરવામાં આવેલ. આવી માહિતી જ્યાં સુધી તે કેસ ફેંસલ ન થાય ત્યાં સુધી મોકલવાનું સુચન પણ કરવામાં આવેલ.

ન્યાય અને ન્યાયાલય સુધીની પક્ષકારો તેમજ જાહેર જનતાની પહોંચ ને વધુ સુગમ બનાવવા માટે વિકસિત કરેલ આ સેવા નું નામ "***EmailMyCaseStatus***" રાખવામાં આવેલ છે. આ સેવા દેશમાં આ પ્રકારની પ્રથમ સેવા છે, જે દ્વારા કોઈ પણ વ્યક્તિ કે સંસ્થા, જે આમ પણ હાલ હાઈકોર્ટની વેબસાઈટ પર જઈને કોઈ પણ કેસની માહિતી જોઈ અને મેળવી શકે છે, તેઓ ઘેર બેઠા કોઈ પણ કેસની હાલની તેમજે ભવિષ્યની માહિતી અને તેના હુકમ કે ચુકાદા ઈમેઈલ દ્વારા મેળવી શકશે, જે માટે ફક્ત એક ઈમેઈલ એડ્રેસ અને તેની નોંધણી એસએમએસ (SMS) દ્વારા કરાવવા માટે એક મોબાઈલ નંબરનો ઉપયોગ કરવાનો રહેશે.

ગુજરાત હાઈકોર્ટ દ્વારા શરૂ કરવામાં આવેલ આ **EmailMyCaseStatus** સેવા એક રીતે વર્ચ્યુઅલ ઈન્કવાયરી કાઉન્ટર કે ઈ-કાઉન્ટર ની રીતે સેવા પુરી પાડશે, જેમાં કોઈ પણ વ્યક્તિ કે સંસ્થાને ફક્ત હાલની જ નહિ પરંતુ જે-તે કેસની ભવિષ્યની માહિતી પણ ઈમેઈલ દ્વારા મોકલવામાં આવશે. નામદાર મુખ્ય ન્યાયાધીશશ્રીના આદેશ મુજબ આ પ્રકારની સેવા જીલ્લા અદાલતો માટે પણ સમય જતાં શરૂ કરવામાં આવશે.

આ સેવાનો લાભ કઈ રીતે મેળવી શકાશે તેની વિગતવાર પદ્ધતિ નીચે આપવામાં આવેલ છે.

**રજીસ્ટ્રાર જનરલ**

(5)

## <u>ગુજરાત હાઈકોર્ટ દ્વારા શરૂ કરવામાં આવેલ *EmailMyCaseStatus* સેવા મેળવવાની પદ્ધતિ</u>

1. હાઈકોર્ટમાં ચાલુ હોય તેવા કોઈ પણ કેસની ઈમેઈલ દ્વારા માહિતી મેળવવા ઈચ્છતા હોય તેઓએ પોતાના મોબાઈલ નંબર થી એસએમએસ (SMS) મોકલીને પહેલાં પોતાની ઈમેઈલ એડ્રેસ અને ત્યાર બાદ જે કેસોની માહિતી મેળવવી છે તે કેસોના **CNR નંબર** નોધાવવાના રહેશે.
2. દરેક કેસ દાખલ થતાં તેના ફાઈલીંગ નંબર સાથે તેને એક **CNR નંબર** પણ આપવામાં આવે છે. કેસનો CNR નંબર એ એક તે કેસનો ૧૬ અક્ષરોનો **GJHC240193932020** જેવો અનન્ય (unique) નંબર છે, જે હાઈકોર્ટની વેબસાઈટ ઉપર ના કેસ સ્ટેટસમાં બતાવવામાં આવેલ છે.
3. સૌથી પહેલા ઈમેઈલ નોંધાવવાનો એસએમસ (SMS) હાઈકોર્ટની ***EmailMyCaseStatus*** સેવાના મોબાઈલ નંબર **9998880820** પર નીચે મુજબ મોકલવાનો રહેશે.

**REG <સ્પેસ> <ઈમેઈલ એડ્રેસ> દા.ત. REG <u>abcdadv@xyz.com</u>**

4. ઉપરોક્ત ઈમેઈલ એડ્રેસ ઉપર એક ઓટીપી (OTP) પાસવર્ડ મોકલવામાં આવશે જે OTP પાસવર્ડ હાઈકોર્ટની ***EmailMyCaseStatus*** સેવાના મોબાઈલ નંબર **9998880820** પર, જે મોબાઈલથી ઉપરનો ઈમેઈલ નોધણી એસએમએસ મોકલવામાં આવેલ તે મોબાઈલ થી જ નીચે મુજબના એસએમએસ (SMS) દ્વારા મોકલવાનો રહેશે.

**OTP <સ્પેસ> <ઓટીપી પાસવર્ડ> દા.ત. OTP 123456**

5. ગુજરાત હાઈકોર્ટની ***EmailMyCaseStatus*** સેવા માટે સફળ નોંધણીની જાણ ઈમેઈલ તેમજ એસએમએસ દ્વારા ઈમેઈલ એડ્રેસ અને મોબાઈલ નંબર પર કરવામાં આવશે.
6. ઈમેઈલ એડ્રેસ તેમજ મોબાઈલ નંબરની આ નોંધણી પ્રક્રિયા એક જ વખત કરવાની રહેશે. સફળ નોંધણી થયા બાદ તે ઈમેઈલ એડ્રેસમાં જે કેસોની માહિતી મેળવવી હોય તે કેસોની નોંધણી તેજ મોબાઈલ નંબર થી એસએમએસ(SMS) મોકલીને કરવાની રહેશે.
7. નોંધાયેલ ઈમેઈલ એડ્રેસ માટેના કેસ ***EmailMyCaseStatus*** સેવામાં નોંધાવવા નીચે મુજબનો એસએમએસ(SMS) નોંધાયેલ મોબાઈલ નંબરથી કરવાનો રહેશે.

**ADD <સ્પેસ> <CNR નંબર> દા. ત. ADD GJHC240193932020**

8. તે જ રીતે, જ્યારે નોંધાયેલ કેસની ભવિષ્યની માહિતી મેળવવા ન માંગતા હોય તો તે કેસ આ સેવામાંથી કાઢી નાંખવા માટે નોંધાયેલ મોબાઈલ નંબરથી નીચે મુજબનો એસએમએસ(SMS) કરવાનો રહેશે.

**DEL <સ્પેસ> <CNR નંબર> દા. ત. DEL GJHC240193932020**

9. કેસની સફળ નોંધણીની જાણ ઈમેઈલ દ્વારા નોંધાયેલ ઈમેઈલ એડ્રેસ પર કરવામાં આવશે.
10. એક મોબાઈલ નંબર અને તેની સાથે નોંધાયેલ ઈમેઈલ એડ્રેસ માટે ૯૯ સુધીના કેસો આ સેવા માટે નોંધાવી શકાશે. જ્યારે પણ નોંધાયેલ કેસોમાં કોઈ પણ આગળની કાર્યવાહી જેમ કે લિસ્ટીંગ તારીખ, હુકમ કે ચુકાદા આપેલ હોય કે કેસ ફેંસલ થયેલ હોય તેની માહિતી આપેલ હુકમ કે ચુકાદા ની પીડીએફ (PDF) નકલ સાથે હાઈકોર્ટના આવતા ચાલુ દિવસ સુધીમાં મોકલવામાં આવશે.

--------